# 13. વતનથી વિદાય થતાં

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) કવિને શાની ભ્રમણા થાય છે?

(A) બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની

(B) શહેરની ગીચ વસ્તીની

(C) પોતાની પત્નીની

(D) પુત્રની

2) વતનથી વિદાય થતાં કવિ અનુભવે છે...

(A) શહેરી દુનિયાની મજા-મસ્તી

(B) ઉલ્લાસ અને આનંદ

(C) વતન પ્રત્યેનો તિરસ્કાર

(D) વતન માટેનો તલસાટ

2. નીચેના પ્રશ્નનો એક વાક્યમાં ઉત્તર આપો:

1) વતનની વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે?

- 'વતનની વિદાય થતાં' કાવ્યના કવિ વતનના ઘર, સ્નેહીજનો, વન, ડુંગર, નદી, કોતરો, ખેતર વગેરેથી દૂર થઈ રહ્યા છે.

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

1) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે, કારણ કે...

- કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે, કારણ કે વર્ષો સુધી જે વતનમાં રહ્યા તે વતનનું વન, સ્નેહીજનો, ત્યાંના ડુંગર, નદી, કોતરો, ખેતર વગેરેની તેમને માયા છે. વતનના પરિવેશને

તેઓ ભૂલી શકતા નથી. તેની યાદો તેમના હૈયામાં વસી છે. તેમ છતાં વતન છોડવાનું છે એટલે ઘર બંધ કરીને પોતાના નિશ્ચિત સ્થાને જવા પગ ઉપાડે છે, પણ પગ સાથ નથી આપતા.

4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર આપો:

1) વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

- જે વતનમાં જન્મ્યા, મોટા થયા, મિત્રો સાથે ભણ્યા-રમ્યા, ત્યાંની નદીઓમાં નાહ્યા, પર્વતો ખૂંદ્યા, નદીની વેકુરમાં આંગળીઓથી રમ્યા જેવી અનેક યાદગીરી કવિના મનમાં વસી છે. વતનથી વિદાય થતાં કવિના હૃદયને આ વેદના સતાવે છે. વતન પ્રત્યેનું વહાલ, ત્યાંની પ્રકૃતિ સાથેનો એકાત્મભાવ એમ કાંઈ જલદીથી છૂટે નહી. કવિ વર્ષો પછી પોતાને વતન જાય છે ત્યારે કદાચ તેમની આ છેલ્લી સફર હશે, કેમ કે વતનની વિદાય લેતાં તેઓ વન, જન, ડુંગર, નદી, વતનની કોતરો, ખેતર વગેરેને આંખોથી વારંવાર મન ભરીને જોઈ લે છે. ઘરને બંધ કરી દીધું. એ સૂચવે છે કે તેમની આ આખરી વિદાય હશે. ઢોરને પણ પોતાની કોઢારની મમતા હોય છે તો કવિને પોતાના વતનની કેમ ન હોય! વતન છોડી આગળ જવા પગ ઉપાડે છે ત્યાં રસ્તામાં વૃક્ષની કાંટાળી ડાળી આડી આવે છે. તેમ છતાં જવાનું તો છે જ. એટલે કવિ કહે છે, ચાલો જીવ. વહી ગયેલો સમય પાછો આવવાનો નથી. ઉપરવાસ જવાનું જ છે એટલે આંખનાં આંસુને લૂછી નાખો. વીતી ગયેલા દિવસોની યાદનો ભારો માથે લઈ ગુલામની જેમ આગળ વધો. આ કૂતરો પણ વતનની સીમ સુધી જ સાથ આપશે. દૂરના ખેતર તરફ જુએ છે તો બે હાથ ઊંચા કરી બા તેમને જતાં અટકાવતી હોય તેવું લાગે છે. કવિને થાય છે કે એ મારી ભ્રમણા તો નથી ને? એમને આભાસ થાય છે કે આ તો રિસાળ બાળકને બા બોલાવતી હતી !! કવિની આ ભ્રમણા જ તેમની વેદનાને ઘેરી બનાવે છે.

2) કાવ્યપંક્તિ સમજાવો.

આઘે ખેતરે જોઉં બે કર કરી ઊંચાં મને વારતી –

એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

- ‘વતનથી વિદાય થતાં’ સોનેટની આ છેલ્લી બે પંક્તિમાં કવિએ સુંદર વળાંક આપ્યો છે. વતનની યાદમાં તડપતા કવિને વતન છોડવું ગમતું નથી. તેમ છતાં મજબૂરીથી છોડે છે ત્યારે છેલ્લી વાર તેઓ દૂરના ખેતર તરફ જુએ છે તો બે હાથ ઊંચા કરી બા તેમને જતાં અટકાવે છે. કવિને થાય છે કે એ મારી ભ્રમણા તો નથી ને? એમને આભાસ થાય છે કે આ તો રિસાળ બાળકને બા બોલાવતી હતી !! પંક્તિના આ અંતિમ શબ્દો કવિની કરુણાજનક પરિસ્થિતિ સૂચવે છે.